
પથ્થર માં ખોસેલી તલવાર

કરેન વાલેસ અને નીલ ચેપમેન






એક સમય હતો જયારે સમગ્ર
બ્રિટન માં યુદ્ધ ચાલી રહ્યું હતું.

બ્રિટન માં કોઈ રાજા ન હતો, અને
લોકો બહુ દુઃખી હતા.

જાદુગર મર્લિનને એ ખબર હતી કે એક શક્તિશાળી
રાજા લડાઈ ને રોકી શકે છે.



એટલે જાદુગર મર્લિને પથ્થર ની એક શિલા
માં એક વિશેષ તલવાર ખોસી દીધી.






"બ્રિટન ના નવા રાજા ને શોધવા માટે એક
પ્રતિયોગીતા યોજવામાં આવશે," એણે ઘોષણા કરી.
"દરેક શૂરવીર ને આ વિશેષ તલવાર બહાર ખેંચવાની
કોશિશ કરવી પડશે."



એ દિવસોમાં, આર્થર નામનો એક છોકરો સર કેય નામના શૂરવીર નો અનુચર હતો. આર્થર સર કેય ના ઘોડા અને બખ્તર ની દેખભાળ કરતો હતો.



સર કેય એના પિતા સર એક્ટર અને આર્થર સાથે પ્રતિયોગિતા માં ભાગ લેવા રવાના થયા. આર્થર બહુ ઉત્સાહિત હતો.

એ જયારે ત્યાં પહોંચ્યા ત્યારે સર કેય ને અહેસાસ થયો કે એની તલવાર મુસાફરખાના માં રહી ગઈ હતી.


"તું પાછો જા અને મારી તલવાર લઈ આવ," એણે આર્થર ને કહ્યું.





જયારે આર્થર ત્યાં પહોંચ્યો ત્યારે મુસાફરખાનું બંધ થઈ ચૂક્યું હતું. એને શું કરવું એ સમજ ન પડી. અચાનક એને એક ચર્ચ ના વાડા માં એક પથ્થર ની શિલા માં એક તલવાર ખોસેલી દેખાઈ.





આર્થરે જલ્દી થી એને બહાર ખેંચી અને દોડતો સર કેય પાસે ગયો.





આર્થરે એ તલવાર સર કેય ને આપી. સર કેય તુરંત એ તલવાર ને ઓળખી ગયા.

"મારી પાસે એ તલવાર છે, એટલે હું હવે રાજા છું," સર કેયે એના પિતા ને કહ્યું.

પણ સર ઍક્ટર ને એના દીકરા ની વાત માનવામાં ન આવી.

આર્થરે સર કેય ના પિતા ને એ સમજાવ્યું જે એણે કર્યું હતું. "મારે એ જોવું પડશે," સર એક્ટરે કહ્યું.



તેઓ ચર્ચ ના વાડા માં ફરી ગયા, અને ત્યાં આર્થરે તલવાર ફરી પથ્થર ની શિલા માં ખોસી દીધી.




સર કેય અને સર ઍક્ટરે બહુ
કોશિશ કરી પણ એ તલવાર
ને બહાર ન ખેંચી શક્યા.



"એને કાઢવી સહેલી છે," આર્થરે કહ્યું. એણે ફરી
પથ્થર માં ખોસેલી તલવાર બહાર કાઢી.





જે કોઈ આ તલવાર ને ખેંચી ને બહાર કાઢશે એ જ બ્રિટન નો સાચી રાજા બનશે.

સર એક્ટર અને સર કેય ઘૂંટણ પર પડી ગયા.

"આ તમે શું કરી રહ્યા છો?" આર્થરે પૂછ્યું.

"પથ્થર પર લખેલા શબ્દો ને વાંચ," સર એક્ટરે જવાબ આપ્યો.

"આર્થર, હવે તું બ્રિટન નો સાચો રાજા છે. જેમ જાદુગર મર્લિને કહ્યું હતું એવું જ થયું."

આર્થર ચકિત થઈ ગયો.

"એ મર્લિન કોણ છે?" આર્થર જોરથી બોલ્યો.

ત્યાં જાદુગર મર્લિન દેખાયો.

"આર્થર," જાદુગર મર્લિને કહ્યું, "તારા પિતા સમ્રાટ ઉથર, બ્રિટન ના રાજા હતા. જયારે તું બાળક હતો, ત્યારે ઈર્ષાળુ શૂરવીરો થી સુરક્ષિત રાખવા મેં તને સર ઍક્ટર ને સોંપ્યો હતો.



આર્થરે તલવાર તરફ તાકી ને જોયું અને એને એનું કર્તવ્ય સમજાયું.

"હું એક સારો રાજા બનવાનો વાયદો કરું છું," એણે કહ્યું.



પહેલા તો ઈર્ષાળુ શૂરવીરોએ એનો સ્વીકાર ન કર્યો.



એ વારે-વારે પથ્થર માં ખોસેલી તલવાર ને ખેંચવાનો પ્રયત્ન કરતા રહ્યા.

પણ કેવળ આર્થર તલવાર ને પથ્થર ની શિલા માં થી ખેંચવામાં સફળ રહ્યો.


અંત માં શૂરવીરો એ મર્લિન ની વાતો પર વિશ્વાસ કર્યો.

"રાજા આર્થર અમર રહો!" એમણે પોકાર કર્યો.



ટૂંક સમય માં આર્થર ને રાજા નો તાજ
પહેરાવવામાં આવ્યો.

આર્થર ના પિતા ના મૃત્યુ પછી પહેલીવાર દેશ
માં દરેક વ્યક્તિ ખુશ હતી.



અંત